ડીસામાં પૈગમ્બર સાહેબનાં જન્મોત્સવ પ્રસંગે ભવ્ય જુલૂશ : 'ઈદે-મિલાદ'ની ઉજવણી

ડીસા, તા. ૨૫

ડીસામાં આજે ઇસ્લામ ધર્મના મહાન સ્થાપક અને અંતિમ પૈગમ્બલ હજરત મુહંમદ સાહેબના જન્મોત્સવ 'ઈદે-મિલાદ'ની ઉજવણીમાં સમગ્ર ડીસા શહેરના મુસ્લિમ બિરાદરો દ્વારા ભવ્ય જુલૂશ કાઢવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં મુસ્લિમ ભાઈ-બહેનો જોડાયા હતા. ઈદના આ વિશેષ આકર્ષણમાં ડીસા શહેરની ગવાડી સ્થીત દરગાહે જુમ્માની નમાજ અદા કરવામાં આવી હતી.

મુસ્લિમ ધર્મમાં ઈદોથી પણ શ્રેષ્ઠ ઈદ એટલે ઈદે-મિલાદ કહેવાય છે. આજનો દિવસ ઈસ્લામ ધર્મના મહાન સ્થાપક અને અંતિમ પૈગમ્બર હજરત મુહંમદ સાહેબનો જન્મ દિવસ હોઈ ઠેર-ઠેર તેની ઉજવણી કરાઈ રહી છે. જેમાં ડીસાના ગવાડી વિસ્તાર અખ્ખર પરથી આજે ભવ્ય જુલૂશ નિકળ્યું હતું. આ જુલૂશમાં ઉત્સાહ ભેર વિશાળ સંખ્યામાં મુસ્લિમ સમાજના ભાઈ બહેનો જોડાયા હતાં. જુલૂશમાં વિવિધ ઝાંખીઓ આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ જુલૂશ ગવાડીથી મીરા મહોલ્લા, રીસાલા બજાર, સોની બજાર, થઈ રાજપુરથી પરત ગવાડી ખાતે આવ્યું હતું. આજના જુલૂશમાં પોતાના પ્યારા જગત ગુરૂની પ્રસંસામાં મુસ્લિમ સમાજનાં આનંદ સાથે નવા વસ્ત્રોમાં સજજ થઈ મનાવતા હતાં. એ પુર્વે ગઈ રાત્રે મોડીરાત મનાવાઈ હતી. અને વાઅઝનાં કાર્યક્રમની પુર્ણાહુતી થયેલ એ પછી આજે વહેલી સવારે ૪ થી ૬ સુધી મિલાદ સરીફ યોજીને પૈગમ્બર સાહેબના જન્મોત્સવને વધાવ્યો હતો. અને જન્મ સમયઃ ૬-૧૦ વાગે ભવ્ય સલામી અર્પીત કરી હતી. આજના જુલૂશ અને ઈદે મિલાદ પુર્વે ૧૨ દિવસનો ઈદે મિલાદોત્સવ મનાવાયો હતો. આ પ્રસંગે સતત બાર દિવસથી સમગ્ર ડીસા શહેરના મુસ્લીમ વિસ્તારો રોશની-મિયાજથી ધમ-ધમતા હતાં. જે "સંગની આજે પુર્ણાહુતી થઇ હતી. જોગાનુંજોગ આજે શુક્રવાર હોવા છતાં મુસ્લિમ બિરાદરો મોટી સંખ્યામાં જુલૂશમાં ઉમટી પડ્યા હતાં. અને જુમ્માની નમાજનું મહત્વ હોવાથી પિરની દરગાહે જુમ્માની નમાજ અદા કરી હતી. સમગ્ર ડીસા શહેર પૈગમ્બર જન્મોત્સવના નાદથી ગુંજી ઉઠ્યું હતું.

હિંમતનગરમાં આજે પૈગમ્બર સાહેબનાં જન્મોત્સવ નિમિતે ભવ્ય જુલૂશ કાઢવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુસ્લિમ બિરોદરોએ ઈદે મિલાદની એક બિજાને શુભેચ્છાઓ પાઠવી હતી.

ડીસામાં આધુનિક સુવિધા સજ્જ કોર્ટ સંકુલનું ખાત મુહુર્ત

ડીસા, તા. ૨૫

ડીસામાં ટી.સી.ડી. ક્રિકેટ ગ્રાઉન્ડની સરકારી જગ્યામાં અતિ આધુનિક કોર્ટ સંકુલ આકાર પામશે. જેમાં આજરોજ બનાસકાંઠા ડીસ્ટ્રીક્ટ જજ એ.જી. ઉરેજીના હસ્તે નવિન કોર્ટ સંકુલના નિર્માણનું ખાત મુહુર્ત કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કોર્ટોના જજો તેમજ ડીસા પાલનપુર બાર એશોસીએશનના સભ્યો હાજર રહ્યા હતાં.

ડીસામાં નવાબી સમયનાં એક બિલ્ડીંગમાં વર્ષોથી વિવિધ કોર્ટોનું સંચાલન થાય છે. જોકે તાજેતરમાંજ ડીસ્ટ્રીક્ટ જજ અને ડીસા બાર એશોસીએશનના સનિષ્ઠ પ્રયત્નો અને ન્યાયીક માંગણી બાદ આજે સરકારે હાઈવે સ્થીત ટી.સી.ડી. ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે નવિન કોર્ટ સંકુલ બનાવવા જગ્યા ફાળવી હતી. જેમાં આજરોજ ડીસ્ટ્રીક્ટ જજ એ.જી. ઉરેજીના વરદ હસ્તે અને અન્ય મહેમાનોની હાજરીમાં નવિન કોર્ટ સંકુલનું ખાત મુહુર્ત થયું હતું. આ પ્રસંગે , એડી. ડીસ્ટ્રીક્ટ જજ એસ.એમ. સીંઘલ કાર્યપાલક ઈજનેર એમ.આર. પટેલ, બાર કાઉન્સીયલ મેમ્બર વાય.એલ. બચાણી, પાલનપુર બાર એશો. પ્રમુખ એ.પી. ઉકાવાલા, ડીસા બાર એશો. પ્રમુખ પી.એલ. શર્મા, ભરતભાઈ મૈઢ સહીતનાં વકીલો અને મહાનુંભાવો હાજર રહ્યો હતાં. આ નવિન કોર્ટ સંકુલમાં ત્રણ મંઝીલના બાંધકામમાં વિવિધ કોર્ટોના બાર રૂમો એડવોકેટ લાયબ્રેરી, ઈન્ક્વાયરી રૂમ, કેન્ટીન, કિચન. સેન્ટ્રલ રેકર્ડ રૂમ, મેલ-ફીમેલ, રેકર્ડ રૂમ સહીતની અત્યાધુનિક સુવિધાઓ રાખવામાં આવેલ છે. નવિન કોર્ટ સંકુલનું બાંધકામ ગુજરાત રાજ્યના ગ્રીન એમ્બેસેડર અને તિરૂપતી નેચરલ પાર્કના પ્રણેતા જીતુભાઈ પટેલની માલીકીની કંપની તિરૂપતી સર્જન લીમીટેડ હાથ ધરશે. જેમાં આ સંકુલના નિર્માણ કાર્ય પાછળ ૨ ૩.૬ ૩ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

પ્રાંતિજમાં ઈદે-મિલાદની ઉજવણી કરાઈ

મુસ્લીમ ધર્મના મહાન પયગમ્બર હઝરત મોહંમદ સાહેબના જન્મદિન ઈદે-મિલાદની પ્રાંતિજ શહેરમાં મુસ્લીમ બિરાદરો દ્વારા જુલુસ નિકાળી ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. પ્રાંતિજ શહેરમાં આજે મુસ્લીમ બિરાદરો દ્વારા ઈદે-મિલાદ પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેના ભાગરૂપે પ્રાંતિજના વિવિધ વિસ્તારો ભવ્ય જુલુસ નિકાળવામાં આવ્યું હતું. આ જુલુસ મોટી સંખ્યામાં હિન્દુ-મુસ્લિમ બિરાદરો હાજર રહ્યા હતા. જ્યારે પ્રાંતિજ નગરપાલિકા પ્રમુખ ઉષાબેન પ્રાંતિજ મામલતદાર, પ્રાંતિજ પી.આઈ. ઉપાધ્યાય સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાહતા અને મુસ્લીમ બિરાદરોને ઈદે-મિલાદની શુભેચ્છાઓ પાઠવી હતી.

ડીસાની હાઈવે સ્થિત પુષ્પાંજલી સોસાયટીમાં પોણા એક લાખની ઘરફોડ ચોરી

ડીસા શહેરી વિસ્તારમાં એકદ સમાહ વિરામ લીધા બાદ ઘરફોડ ચોરો પુનઃ સક્રીય બનેલ છે. જેમાં હાઈવે રોડ સ્થીત પુષ્પાંજલી સોસાયટીમાં આવેલા એક બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. અને અંદાજીત ૭૪ હજારની માલમત્તાની ચોરી કરી હતી. આ મામલે શહેર પોલીસે અજાણ્યા તસ્કારો વિરૂધ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

આ અંગેની મળતી વિગતો જોતા ડીસાની હાઈવે સ્થીત પુષ્પાંજલી સોસાયટીમાં રહેતા જુમલભાઈ ગણેશભાઈ શાહ પરીવાર સાથે સામાજીક પ્રસંગેબહાર ગામ ગયા હતાં. જે બાદ બંધ મકાન જોઈ અજાણ્યા તસ્કરોએ ચોરીના ઈરાદે મકાનની છત પરથી દરવાજો તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો. અને તે બાદ તીજોરીના તાળા તોડી તીજોરીમાં પડેલ સોના-ચાંદીના દાગીના રોકડ રકમ સહીતનો કુલ રૂા. ૭૪,૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી હતી. ચોરી કરી અજાણ્યા તસ્કરો આબાદ ભાગી છુટ્યા હતાં. જોકે તે બાદ પ્રસંગમાંથી પરત ફરેલ મકાન માલીક પોતાના ઘેર આવતાં થયેલ ચોરીની જાણ થઈ હતી. આ મામલે તેઓ દ્વારા ડીસા શહેર પોલીસ મથકે ચોરીની ફરીયાદ દાખલ કરાતાં શહેર પોલીસે અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કર્યો હતો. આ મામલે ડીસા શહેર પોલીસે એફ.એસ.એલ. અને ડોગ સ્કોડની મદદે આરોપીઓને ઝડપી પાડવા તપાસ હાથ ધરી હતી.

પાલનપુર નગરપાલિકાની વોર્ડ નં. -૮ની પેટા ચૂંટણીમાં પાંચ ઉમેદવારો

પાલનપુર પાલિકાના વોર્ડ નં.-૮ના ભાજપના સભ્ય શાહીદબાવા શૈયદનું માર્ગ અકસ્માતમાં અવસાન થતાં તેમની સીટ ખાલી થતાં પેટા ચૂંટણી યોજાવાની છે. વોર્ડ નં.-૮માં આશરે ૬ હજાર મતદારો છે. જેમાં લઘુમતી સમાજના સૌથી વધુ મતદારો છે. તેમ છતાં ભાજપ અને કોંગ્રેસ ઠાકોર સમાજના ઉમેદવારને ટિકિટ આપેલ છે. જ્યારે શાહીદબાવાના પરિવારના સિતાબભાઈ કાદરીએ અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. આમ વોર્ડ નં. ૮માં ભાજપ- કોંગ્રેસ અપક્ષ આમ ત્રિપાંખીયો જંગ જામશે. શાહીદબાવા પરિવારને ટિકિટ ન ફાળવતાં તેમના સમાજને મનદુઃખ થવા પામેલ છે.

મથેડા અને રૂદ્રમાલા ગ્રામ પંચાયત સમરસ બની

ખેડબ્રહ્મા, તા. ૨૫

ખેડબ્રહ્મા તાલુકામાં ચાર ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. જેમાં ઉમેદવારીપત્રો પાછા ખેંચવાના છેલ્લા દિવસે તાલુકામાં બે ગ્રામ પંચાયતો સમરસ બની છે જેથી બંને ગામોના લોકોમાં આનંદ ફેલાયો છે.

ખેડબ્રહ્મા તાલુકામાં ચાર ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાવાની હતી. તેમાં રૂદ્રમાળા અને મટોડા ગ્રામ પંચાયતો સમરસ બની છે. મટોડા ગ્રામ પંચાયતના સરપંચ તરીકે પટેલ શામળભાઈ ભીખાભાઈ તથા બે મહિલાઓ સહીત સાત સદસ્યો બીન હરીફ ચૂંટાઈ આવ્યા છે તેજ રીતે રૂદ્રમાળા ગ્રામ પંચાયતમાં સરપંચ તરીકે મગનભાઈ જીવરાજભાઈ પટેલ તથા બે મહિલાઓ સહીત સાત સદસ્યો બીનહરીફ ચૂંટાઈ આવ્યા છે. આ બંને ગ્રામ પંચાયતોને સમરસ બનાવવા માટે જિલ્લા ભાજપના ઉપપ્રમુખ જશુભાઈ જે. પટેલ - તાલુકા પંચાયતના ઉપપ્રમુખ સુરેશભાઈ પી. પટેલ, મેત્રાલ કંપાના રાજાભાઈ પટેલ અને મટોડાના દિનેશભાઈ વી. પટેલ સહીત ઉમેદવારો અને ગ્રામજનોએ પ્રયત્નો કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ઘણા સમય પછી તાલુકામાં બે ગ્રામ પંચાયતો સમરસ બની છે. હવે તાલુકામાં પાદરડી અને હીગરીયા ગ્રામ પંચાયતો માટે ચૂંટણી યોજાશે.

(તસવીર : સમીર બલોચ, બાયડ)

બાયડમાં આજે પૈગમ્બર સાહેબનાં જન્મોત્સવ નિમિતે ભવ્ય જુલૂશ કાઢવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુસ્લિમ બિરોદરોએ ઈદે મિલાદની એક બિજાને શુભેચ્છાઓ પાઠવી હતી.

પાલનપુરમાં ઈદે મીલાદના દિવસે હજરત મહંમદ પયંગમ્બર સાહેબનો બાલ મુબારક દર્શનાર્થે મુકાયો

મોટી સંખ્યામાં લોકોએ દર્શન કરી ધન્યતા પ્રાપ્ત કરી

પાલનપુરમાં કાદરી પરીવારના ત્યાં ઈદે મીલાદના દિવસે હજરત હુ.સ.અ. મહંમદ પયંગમ્બર સાહેબનો દાઢીનો બાલ મુબારક દર વર્ષની જેમ આ વર્ષે પણ ઈદે મીલાદના દિવસે ધર્મપ્રેમી જનતા માટે દર્શનાર્થે મુકાયો હતો. જેમાં મોટી સંખ્યામાં લોકોએ દર્શન કર્યા હતા. ઈસ્લામ ધર્મના સ્થાપક હુ.સ.અ. હજરત મહંમદ પયંગમ્બર સાહેબનો જન્મ દિવસ અને વફાત (મરણ દિવસ) એક જ તારીખે થયો હતો. આ દિવસને ઈદે મીલાદનો પર્વ કહેવાય છે. કાદરી પરીવારના મક્સુદમીયાં કાદરીએ મીડીયાને જણાવેલ કે હજારો વર્ષો પહેલા અમારા વડવાઓ જે તે સમયે ચાલતા મક્કામાં હજ પઢવા જતા હતા. ત્યારે ત્યાંથી (હુ.સ.અ.) હજરત મહંમદ પયંગમ્બર સાહેબનો દાઢીનો એક મુબારક બાલ લાવેલા. જે પરંપરાગત રીતે આ પરીવારમાં ઈદે મીલાદના દિવસે લોકોના દર્શનાર્થે મુકવામાં આવે છે. જ્યારે મીણના ગઠ્ઠામાં અને ડબામાં રૂમાલની અંદર બાંધીને મુકવામાં આવેલ. મુબારક બાલ નીકાળવામાં આવે છે. ત્યારે (હુ.સ.અ.સ.) નું નામ લઈને પઢવામાં આવે છે. અને લોબાનનો ધુમાડો કરવામાં આવે છે. અને અતરની મીણ પર નાખીને મુબારીક બાલને લોકો સમક્ષ મુકવામાં આવે છે. લોકો આ બાલને માથા પર મુકીને ધન્યતા પ્રાપ્ત કરે છે. આ દિવસે મુસ્લિમ ધાર્મિક સ્થાનો પર રોશની કરવામાં આવે છે. તેમજ રાજ્યના અનેક વિસ્તારોમાં જુલુસ નીકાળવામાં આવે છે. આમ ઈદે મીલાદના દિનની ઉજવણી કરવામાં આવે છે. (હરેશ જોશી, પાલનપુર)

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી
રવિવારે શો રૂમ
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૫૨૮